## જન્મદિને વધામણી



જ્યોત્સનાબેન ઝવેરી
મો. ૯૯૦૪૩ ૮૦૧૭૩



જય ઓઝા
શિક્ષક, દિલ્હી પબ્લિક સ્કૂલ
કોલમીસ્ટ, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮



ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



રાજેશ્રીબેન
હેમેન્દ્ર ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫



મધુકર એફ પરમાર
પ્રમુખ, ગાં.વ.બ.
વણકર સમાજ
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



અમિતભાઈ એ ગુર્જર
મો. ૯૯૦૪૩ ૮૯૦૧૫



અફઝલ એ વહોરા
મો. ૯૭૧૪૫ ૪૯૩૦૭



મૈત્રી એ પંડ્યા
મો. ૯૪૦૮૩ ૧૮૮૬૩



દક્ષ વિશાલ ઉપાધ્યાય
મો. ૯૮૯૮૫ ૦૧૨૧૭



રૂદ્રિકા કૃણાલ દરજી
મો. ૯૮૯૮૫ ૦૧૨૧૭

# ગાંધીનગરના છ સર્જકો સાહિત્ય અકાદમી દ્વારા સન્માનિત



ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે પ્રગટ થયેલા જુદા જુદા વિભાગના પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકોના સર્જકોને સન્માનિત કરવામાં આવે છે. આ નિમિત્તે વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષના જાહેર થયેલા પુરસ્કારો અર્પણ કરવાનો એક સમારોહ અમદાવાદ મુકામે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં અકાદમીના નવા વરાયેલા અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ જાહેર થયેલા શ્રેષ્ઠ પુસ્તકોના પારિતોષિકોમાં ગાંધીનગર શહેરના છ કવિ,લેખક,અનુવાદકને સન્માનવામાં આવ્યા હતા. જેમાં રાઘવજી માધડને વર્ષ-૨૦૧૪માં લોકસાહિત્ય વિભાગમાં " લોકવાર્તાની લહાણ" માટે તૃતીય અને વર્ષ -૨૦૧૫માં ટૂંકીવાર્તા વિભાગમાં "પ્રેમ પછી" વાર્તાસંગ્રહ માટે દ્વિતીય, કવિ અને લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટને વર્ષ -૨૦૧૫ માં તેમના ચોથા કાવ્યસંગ્રહ "મંત્રોચ્ચાર" માટે દ્વિતીય, પ્રજ્ઞા પટેલને વર્ષ-૨૦૧૫માં તેમના પ્રવાસ નિબંધ " શિવભૂમિનો સાદ" માટે દ્વિતીય, પ્રકાશ લાલાને વર્ષ-૨૦૧૪ માં બાળ વિભાગમાં બાળનાટ્યસંગ્રહ "દીવાથી પ્રગટે દીવા"ને પ્રથમ, અને વર્ષ-૨૦૧૫માં આ જ વિભાગમાં બાળકાવ્ય વિભાગમાં કીર્તિદા બ્રહ્મભટ્ટને તેમના બાળકાવ્યસંગ્રહ "પાંચીકડાં" માટે પ્રથમ, તથા અનુવાદ વિભાગમાં વર્ષ-૨૦૧૫માં કુન્દનબેન દવેને તેમના "આસ્વાદ" માટે તૃતીય પારિતોષિક - એવોર્ડ્સ દ્વારા સૌ સર્જકોને મંત્રી દ્વારા સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાતી ભાષાના વરિષ્ઠ સર્જકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યમાં નવી ૧૧ આયુર્વેદ કૉલેજીસને મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૨૩

મેડિકલની પ્રવેશ પ્રક્રિયામાં હાલમાં બીજા તબક્કાની કાર્યવાહી ચાલી રહી છે અને આગામી દિવસોમાં પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની છે ત્યારે હાલમાં આયુર્વેદની કુલ ૧૭માંથી ૧૧ કોલેજોને મંજૂરી મળી ચુકી છે. અખંડાનંદ, વડોદરા અને કોલવાડા સહિતની સરકારી આયુર્વેદ કોલેજની મંજૂરી બાકી છે. આ ઉપરાંત આ વખતે સાવલી અને કલોલમાં બે નવી સ્વનિર્ભર આયુર્વેદ કોલેજોને પણ મંજૂરી આપવામાં આવી છે.

સામાન્ય રીતે પેરા મેડિકલની કોલેજોને મંજૂરી આપવામાં કાઉન્સિલ દ્વારા થતા વિલંબના કારણે અનેક વખત પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થતો હોય છે. આ વખતે પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા આગામી તા.૩૧મી શરૂ થાય તે પહેલા ૧૧ આયુર્વેદ કોલેજોને મંજૂરી આપી દેવામાં આવી છે. નોંધનીય છે કે તમામ આયુર્વેદ કોલેજોએ દરવર્ષે કાઉન્સિલની મંજૂરી લેવાની હોય છે. ૧૧ કોલેજો એટલે કે ૭૪૦ બેઠકોને મંજૂરી મળી ચુકી છે. જો કે, અખંડાનંદ આયુર્વેદ, વડોદરા અને કોલવાડાની સરકારી આયુર્વેદ કોલેજની મંજૂરી બાકી છે. જે ૧૧ કોલેજોને કાઉન્સિલ દ્વારા મંજૂરી આપી દેવામાં આવી તેમાં ૨ સરકારી, ૨ ગ્રાન્ટેડ અને ૭ સ્વનિર્ભર આયુર્વેદ કોલેજનો સમાવેશ થાય છે. સૂત્રો કહે છે પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા બાકી રહેલી કોલેજોને પણ મંજૂરી આપી દેવામાં આવે તેવી શકયતા છે. કાઉન્સિલ દ્વારા સાવલી અને કલોલમાં બે સ્વનિર્ભર આયુર્વેદ કોલેજને મંજૂરી આપી દેવામાં આવી છે. આ બન્ને કોલેજોને ૬૦-૬૦ બેઠકોની મંજૂરી આપવામાં આવી છે.

### સ્કૂલના વિદ્યાર્થીઓ મધ્યસ્થ ગ્રંથાલની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૮માં અભ્યાસ કરતા ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ મધ્યસ્થ ગ્રંથાલની મુલાકાત લીધી હતી. ગ્રંથપાલ ચંપાબેન પરમારે લાઈબ્રેરીના દરેક વિભાગની સંપૂર્ણ માહિતી આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને આપી હતી. બાળકોએ પણ દરેક વિભાગનું ઝીણવટભર્યું અવલોકન કરી જરૂરી સવાલો પૂછ્યા હતા, જેના તેમને સંતોષકારક ઉત્તરો પણ પ્રાપ્ત થયા હતા. અહીં વિદ્યાર્થીઓએ મનગમતાં પુસ્તકો વાંચવાનો આનંદ પણ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ સાથે પ્રકાશભાઈ, ભગવતીબેન અને અર્ચનાબેન પણ આ મુલાકાતમાં જોડાયાં હતાં.

## એસ. જી. સ્કૂલમાં શેરી નાટકની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું



કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા દ્વારા પરિસરમાં સ્થિત નાયાબા હૉલમાં શેરી નાટકની સ્પર્ધાનું આયોજન થયું હતું. બાળકોમાં આત્મવિશ્વાસ વધે તેમજ અભિનય કૌશલ્ય કેળવાય તે હેતુથી શેરી નાટકની આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટકોના હાઉસ પ્રમાણે અલગ અલગ વિષયો હતા. રેડ હાઉસે ભારત દેશ પર, ગ્રીન હાઉસે બેટી બચાવો પર, યલ્લો હાઉસે શિક્ષણ પર, ઓરેંજ હાઉસે સ્વચ્છતા પર અને બ્લૂ હાઉસે રોડ સેફટી પર નાટક રજૂ કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ નંબર યલ્લો હાઉસે પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક ગતિબેને કર્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે શાળાના શિક્ષક રમેશભાઈ અને મોનિકાબેને પોતાની સેવાઓ આપી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ટોઈલેટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍનાબેલ (અંગ્રેજી)
૩.૦૦, ૭.૩૦
ઍનાબેલ (હિન્દી)
૫.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
તંબુરો (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૦૦
૭.૪૫, ૧૦.૦૦
પાર્ટીશન ૧૯૪૭
૫.૩૦

**સ્ક્રીન-૫**
બૅરિલી કી બરફી
૧૦.૦૦, ૧૨.૪૫,
૩.૪૫, ૧૦.૧૫
પાર્ટીશન ૧૯૪૭
૮.૦૦

## સે. ૩ ન્યૂ નવરાત્રી મહોત્સવ સમિતિની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

આગામી નવરાત્રી મહોત્સવની ઉજવણી માટે સૅક્ટર-૩ ન્યૂ, ગાંધીનગરના વસાહતીઓ દ્વારા સમિતિની રચના કરવામાં આવી છે.

આ માટે એક સામાન્ય સભાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. નવરાત્રી મહોત્સવ સમિતિ, સૅક્ટર-૩ ન્યૂ, ગાંધીનગરના પ્રમુખ તરીકે સંજય પટેલ, મહામંત્રી બિપીન પરમાર, ખજાનચી દેવાંગ પંડિત, ઉપપ્રમુખ રાજુભાઈ પટેલ, સી ઍન ડામોર, ભાનુભાઈ શુક્લ, રાજુભાઈ શર્મા, કાંતિભાઈ પટેલ, રશ્મિકાંત પંડ્યા, સહમંત્રી ભરત પટેલ, પંકજ સોની, કમલેશભાઈ બારોટ, દિનેશભાઈ પરમાર, ડૉ. હર્ષદ રાઠોડ, સહ મહામંત્રી હેમંત ત્રિવેદી અને સહખજાનચી તરીકે ભાસ્કરભાઈ બાલપાન્ડે અને પુરુષોત્તમભાઈ પરમારની વરણી કરવામાં આવી હતી.









હરે કૃષ્ણ મંદિર, ભાડજની કલ્ચરલ એજ્યુકેશન સર્વિસીસ શાખ દ્વારા આયોજીત હેરિટેજ ફેસ્ટ ૨૦૧૭ નામના ભવ્ય સાંસ્કૃતિક ઉત્સવનું સમાપન સફળતાપૂર્વક પૂરું થયુ. બાળમંદિરથી લઈને ધોરણ ૧૦માં ભણતા બાળકો માટે તા. ૧૯ ઓગસ્ટ, ૨૦૧૭થી ૨૦ ઓગસ્ટ, ૨૦૧૭ દરમ્યાન આ ફેસ્ટ હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. હેરિટેજ ફેસ્ટ ફકત સાંસ્કૃતિક સ્પર્ધા ન હોતા કલ્ચરલ એજ્યુકેશન સર્વિસીસનો ખૂબ જ આહલાદક પ્રંસગ હતો જેણે આ ટેકનોલોજી, યુવાવસ્થામાં વધેલી અપરાધવૃત્તિ અને બાળકોની તનાવભરી જીવનશૈલીમાં વહેંચાયેલ સંસ્કૃતિને જોડવાનો પ્રયાસ કર્યો છે. આ ફેસ્ટ ભારતની ગતિશીલ સંસ્કૃતિ અને પરંપરાની ઉજવણી કરતો એક વાર્ષિક સાંસ્કૃતિક ભવ્ય સ્પર્ધાત્મક કાર્યક્રમ હતો જેણે વિદ્યાર્થીઓને ૩૫ કરતા પણ વધારે સાંસ્કૃતિક સ્પર્ધા અને હરિફાઈઓ જેવી કે શાસ્ત્રીય નૃત્ય, નાટક, નૃત્ય નાટિકા, ગીતાના શ્લોકનું પઠણ, વૈદિક પ્રશ્નોત્તરી, સંગીત વગેરેમાં ભાગ લેવા માટેની અદભૂત તક પૂરી પાડી હતી.

હેરિટેજ ફેસ્ટ ૨૦૧૭ માં અમદાવાદની ૬૦ કરતા પણ વધારે શાળાના અભૂતપર્વ ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉત્સાહી વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને પ્રતિભા દર્શાવતી સાંસ્કૃતિક કાર્નિવલ સ્પર્ધાઓ અને વૈદિક વાતાવરણના આનંદમાં ઉત્સાહપૂર્વક સહભાગી થનારા લોકોએ પ્રત્યક્ષભાવે આનંદ માણ્યો હતો. આથી પરિણામ સ્વરૂપે, આશરે ૨૦૦ જેટલા ઈનામોનું વિતરણ લાયક સ્પર્ધકને કરવામાં આવશે. વીજેતાઓ ને મેડલ, ટ્રોફી, અને સર્ટિફિકેટના રૂપે ઈનામોનું વિતરણ કરવામાં આવશે. કલ્ચરલ એજ્યુકેશન સર્વિસીસ તેની બહુવિધ સંસ્કૃતિ કેન્દ્રિય પહેલ દ્વારા તેની પહોંચને વધુ વિસ્તૃત કરવાનો ધ્યેય રાખે છે જે બાળકોને તેમના નિર્ણાયક, રચનાત્મક અને પ્રભાવક્ષમ વર્ષોમાં સંસ્કૃતિ-મૂલ્ય-કુશળતા સમૃદ્ધ અનુભવ પૂરો પાડશે તેમના વ્યક્તિત્વમાં સકારાત્મક વિકાસ થાય તેની ખાતરી કરશે.

## યુવા પેઢી માટે આ રામાયણની કથા પ્રેરણાદાયક બની રહેશે

ગાંધીનગર, તા. ૨૩

વડોદરા ખાતે સાહિત્ય પ્રવાહ ટ્રસ્ટ દ્વારા ડૉ. નલિની પુરોહિત વિરચિત "સરલ રામાયણ"નો લોકાર્પણ સમારોહ યોજવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય અતિથિ રૂપે એમ. એસ. યુનિવર્સિટીના પૂર્વ પ્રો. અને ઉપકુલપતિ પ્રો. શરદ જોશી અતિથિ વિશેષ તરીકે ચિન્યય મિશન, વડોદરાના સ્વામી દેવેશાનંદ સરસ્વતી, મુખ્ય વક્તા તરીકે ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટ તથા ડૉ. અંજના સંધીર ઉપસ્થિત રહ્યા હતા. આરંભે ગુજરાતી કવયિત્રી શ્રી મીનાક્ષી ચંદારાણાએ કવિ દલપત પઢિયારની ગીત રચના સ્વરબદ્ધ રીતે રજુ કરીને દીપ પ્રાગટ્ય કરાવ્યું હતું. પુષ્પગુચ્છ, પુસ્તક અને ખાદીના રૂમાલથી સર્વ





મહાનુભાવોના સ્વાગત બાદ મંચસ્થ સર્વ મહાનુભાવોએ ડૉ. નલિની પુરોહિત વિરચિત "સરલ રામાયણ"નું વિમોચન કર્યું હતું ત્યારબાદ યુનિવર્સિટીના સોશિયલ વર્ક્સ વિભાગના ડીન પ્રો. મગનભાઈ પરમાર, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આટર્સના પૂર્વ પ્રો. ડૉ. હરીશ વ્યાસે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. પ્રો. શરદ જોશી અને સ્વામી દેવેશાનંદ સરસ્વતીએ પ્રાસંગિક રામાયણ ઉપર વાત કરી હતી. હિંદી અને ડાયસ્પોરા સાહિત્યમાં વિશિષ્ટ કામ કરનાર ડૉ. અંજના સંધીરે રામાયણ ઉપર પોતાના વિચારો વક્તવ્યરૂપે રજુ કર્યા હતા. જ્યારે ડૉ. કનૈયાલાલ ભટ્ટે વિમોચિત "સરલ રામાયણ"ની વિગતે વાત કરીને આ કૃતિને સાહિત્યના વિવિધ માપદંડોથી મૂલવીને એનો રસાસ્વાદ કરાવ્યો હતો. વધુમાં ડૉ. ભટ્ટે જણાવ્યું હતું કે આ "સરલ રામાયણ" આધુનિક ગુજરાતી સાહિત્યમાં પહેલી સ્ત્રી કવયિત્રી દ્વારા રચાઈ હોવાથી એનું મૂલ્ય અનેરું છે. આવનાર યુવા પેઢી માટે આ કથા પ્રેરણાદાયક બની રહેશે. સરલ ભાષામાં લખાયેલી હોવાથી સૌ કોઈ લોકો એનો રસાસ્વાદ કરી શકે છે.

આ પ્રસંગે કવયિત્રી ડૉ. નલિની પુરોહિતે પોતાના પ્રતિભાવમાં આ કૃતિના સર્જનમાં પોતાના પરિવારના સભ્યોનો આભાર માન્યો હતો અને ખાસ પતિ વિજય પુરોહિતનો વિશેષ આભાર પ્રગટ કર્યો હતો. અંતમાં આભારવિધી હિંદી કવયિત્રી પ્રતિભા પુરોહિતે કરી હતી. સમગ્ર સમારોહનું સંચાલન નલિની રાવલે કર્યું હતું.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) સુપ્રિમ કોર્ટે ત્રણ તલાકને અસંવૈધાનિક જાહેર કર્યા છે ત્યારે ત્રણ જજોએ ત્રણ તલાકને સંવિધાનના કયા અનુચ્છેદનો ભંગ ગણાવ્યો છે ?
(એ) અનુચ્છેદ ૧૧૪
(બી) અનુચ્છેદ ૧૪
(સી) અનુચ્છેદ ૧૨૭
(ડી) અનુચ્છેદ ૧૯૦

(૨) ૨૦૧૭માં કયા દેશે અફઘાન નીતિની જાહેર કરી છે ?
(એ) ફ્રાન્સ (બી) જાપાન
(સી) જર્મની (ડી) અમેરિકા

(૩) ૨૦૧૭માં ભારતીય સેના માટે નેનો મિસાઈલ વિકસીત કરનાર 'દર ચલા પાંડુરંગ રોહિથ' કઈ યુનિવર્સિટીનો વિદ્યાર્થી છે.
(એ) દિલ્હી યુનિવર્સિટી (બી) ઍમ આર ઍમ યુનિવર્સિટી
(સી) જે ઍન યુ (ડી) મુંબઈ યુનિવર્સિટી

(૪) ૨૦૧૭માં ઉત્તર કોરિયા સાથેના ગતિરોધ વચ્ચે કયા દેશે દક્ષિણ કોરિયા સાથે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે ?
(એ) જર્મની (બી) ચીન
(સી) રશિયા (ડી) અમેરિકા

(૫) ૨૦૧૭માં રેલવે પ્રોટેક્શન ફોર્સના ડીજી તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(એ) ધર્મેન્દ્ર કુમાર (બી) રમેશ સિંહ
(સી) બિપીન શર્મા (ડી) વિકાસ સમીન

(૬) ૨૦૧૭માં કેન્દ્ર દ્વારા 'સ્વસ્થ બચ્ચે સ્વસ્થ ભારત' કાર્યક્રમ અંતર્ગત સ્વાસ્થ્ય અને તંદુરસ્તી કાર્ડનું ઉદ્ઘાટન કયા સ્થળેથી કરવામાં આવ્યું છે ?
(એ) ચેન્નઈ (બી) હૈદરાબાદ
(સી) કોચી (ડી) મુંબઈ

(૭) ૨૦૧૭માં મેન્ટર ઈન્ડિયા અભિયાનનો પ્રારંભ કઈ સંસ્થાએ કર્યો છે ?
(એ) ડીઆરડીઓ (બી) નીતિ આયોગ
(સી) કાયદા પંચ (ડી) કાયદા પંચ

(૮) તાજેતરમાં નિધન પામનાર રિશાંગ કિશિંગ કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હતા ?
(એ) ત્રિપુરા (બી) નાગાલેન્ડ
(સી) આસામ (ડી) મણીપુર

(૯) ૨૦૧૭માં ધ્યાનચંદ પુરસ્કાર મેળવનાર સૈયદ શાતિદ હકીમ કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(એ) હોકી (બી) ફૂટબૉલ
(સી) ભાલાફેંક (ડી) દોડ

(૧૦) દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર હીરાચંદ્ર કટારીયા કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(એ) કબડ્ડી (બી) હોકી
(સી) બોક્સીંગ (ડી) ફૂટબૉલ